# અણીયોર ગામે ધોળેદહાડે મહિલાઓએ એક મહિલાને વશીકરણ કરી કાનની બુટ્ટીની લૂંટ ચલાવી ફરાર

મોડાસા, તા. ૨૩

માલપુર તાલુકાના અણીયોર ગામે શુક્રવારે બપોરે ત્રણ મહિલાઓ માતાજીની બાધા-માનતા રાખી હોવાના બહાના હેઠળ ભીખ માંગવાનો ડોર કરી બે મહિલાઓને વશીકરણ કરી એક મહિલાના કાનની બુટ્ટીની લૂંટ ચલાવી ફરાર થઈ જતા વશીકરણનો ભોગ બનેલી મહિલા આવાક બની ગઈ હતી. આ ઘટનાથી આઘાતમાં સરી પડેલી મહિલાએ તેનો પતિ નોકરીથી ઘરે આવતા આ અંગે વાતચીત કરતા મહિલાના પતિએ માલપુર પોલીસને જાણવાજોગ ફરીયાદ આપતા માલપુર પોલીસ અણીયોર પંથકમાં ત્રણેય મહિલાઓની શોધખોળ હાથ ધરી હતી.



અણીયોર ગામે શુક્રવારના રોજ બપોરે ત્રણ મહિલાઓ ભીખ માંગવાના બહાના હેઠળ લૂંટ ચલાવી ફરાર થઈ જતા અણીયોર પંથકના પ્રજાજનો અને મહિલાઓમાં ફફડાટ ફેલાયો હતો. શુક્રવારે બપોર ત્રણ મહિલાઓ ગામમાં માતાજીની બાધા રાખી હોવાની અને માનતા પુરી કરવા ભીખ માંગવા નીકળી હોવાનું જણાવી અણીયોર ગામમાં ઘરે ઘરે ભીખ માંગતી હતી. ભીખ માંગતી માંગતી રૂડીબજારમાં રહેતા શ્વેતાબેન યોગેશભાઈ વાળંદના ઘરે પહોંચી હતી અને પાણીની માંગણી કરતા શ્વેતાબેનની બાજુમાં રહેતા ગીતાબેન કાળીદાસ વાળંદ પણ શ્વેતાબેનના ઘરે ત્રણ અજાણી મહિલાને જોવા આવ્યા હતા ત્યારે આ ત્રણેય મહિલાઓ સાથે વાતચીત કરી શ્વેતાબેનને ચા પીવાની વાત કરતા શ્વેતાબેન ચા બનાવી મહિલાઓને પાણી આપતા હતા ત્યારે ત્રણેય મહિલાઓએ શ્વેતાબેન અને ગીતાબેનને વાતોમાં ભોળવી વશીકરણ કરતા બન્ને મહિલાઓ બેશુધ્ધ બની જતા ત્રણેય મહિલાઓ શ્વેતાબેનના કાનમાંથી સોનાની બુટ્ટી કાઢી લૂંટ ચલાવી ફરાર થઈ ગઈ હતી. વશીકરણનો ભોગ બનેલી બન્ને મહિલાઓ ત્રણ કલાક જેટલો સમય સુધી કંઈ પણ બોલી શકી ન હતી અને આવાક બની ગઈ હતી. ત્યારે શ્વેતાબેના પતિ નોકરી પરથી પરત ઘરે આવેલા જોઈને શ્વેતાબેન અચાનક રડી પડતા અને આખી ઘટનાનુ વર્ણન કરતા યોગેશભાઈ વાળંદ ચોંકી ઉઠ્યા હતા અને ગામમાં ત્રણેય મહિલાઓની શોધખોળ હાથ ધરતા ગ્રામજનોને હકીકત જણાવતા ગામમાં આ મહિલાઓ ૩૦થી વધુ ઘરે ભીખ માંગવા ગઈ હોવાનું ધ્યાને આવતા અને આ ઘટનાની જાણ ગામમાં થતા મહિલાઓ અને ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. યોગેશભાઈ વાળંદના જણાવ્યા મુજબ આ અંગે માલપુર પોલીસસ્ટેશને જાણવાજોગ ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસ દ્વારા અણીયોર પંથકમાં પેટ્રોલીંગ હાથ ધરી ત્રણેય મહિલાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજમાં ગટરની કુંડીમાં વાછરડુ પડ્યુ

## જીવદયાપ્રેમીઓ દ્વારા ૧૦ ફૂટ ગટરની કુંડીમાંથી વાછરડાને બહાર કાઢવામાં આવ્યુ

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ અમીનપુર રોડ ઉપર બનાવવામાં આવેલ ગટર લાઈનની કુંડીમાં ગાયનું વાછરડું પડતા જીવદયાપ્રેમીઓ દ્વારા બહાર કાઢવામાં આવ્યું હતું.

પ્રાંતિજના અમીપુર રોડ પાણીની ટાંકી પાસે બનાવવામાં આવેલ ગટરની દસ ફૂટ ઊંડી કુંડીમાં ગાયનું વાછરડું પડ્યું હતું. જ્યારે ગાય કુંડીની બાજુમાં જઈને બોગાળા પાડતા ત્યાંથી પસાર થતા લોકોએ કુંડીમાં



તપાસ કરતા કુંડીમાં ગાયનું વાછરડું પડ્યું હતું અને એકબીજાને ખબર પડતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે કેટલાક જીવદયાપ્રેમીઓ તથા નગરપાલિકા ફાયર સ્ટાફ મુકેશભાઈ ગોપાલભાઈ, કેતનભાઈ વગેરે દ્વારા કુંડીમાં અંદર પડેલા વાછરડાને કુંડીમાં અંદર ઉતરીને રસ્સીની મદદથી વાછરડાને બહાર કાઢવામાં આવ્યું હતું. ત્યારે હજુયે આવી કેટલીય જગ્યાએ કુંડીઓ ઉપર ઢાંકણા નથી કે ઢાંકણા મારવામાં આવ્યા નથી ત્યારે પાલિકાતંત્ર આળસ ખંખેરી સત્વરે ઢાંકણા નાંખવામાં આવે તેવી માંગ હાલ તો ઉઠવા પામી છે.

# સચિવાલયના ઉપસચિવોને નાયબ સચિવ પદે બઢતી અપાઈ

| | | |
|---|---|---|
| અજય કે. પટેલ | ઉપસચિવ, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર | નાયબ સચિવ (પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| એન.એમ. નંદાણી | ઉપસચિવ(યુઆઈડી) સામાન્ય વહીવટ વિભાગ | નાયબ સચિવ (યુઆઈડી.) સા.વ. વિભાગ (આયોજન) |
| એમ.જે. દરજી | ઉપસચિવ(તપાસ) ન.જ.સં.પા.,પુ.અને ક. વિભાગ | નાયબ સચિવ, સામાન્ય વહીવટ વિભાગ (ખાલી જગ્યા) |
| જે.વી. દેસાઈ | ઉપસચિવ સા.ન્યા. અને અધિ. વિભાગ | નાયબ સચિવ, ગુજરાત રાજ્ય મહિલા આયોગ(ખાલી જગ્યા) |
| બી.એન. પટેલ | ઉપસચિવ ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર | નાયબ સચિવ, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર |
| ડી.જી. ચૌધરી | ઉપસચિવ, ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાની કચેરી ગાંધીનગર | નાયબ સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ(ખાલી જગ્યા) |
| જે.જે. ખડીયા | ઉપસચિવ, સા.ન્યા. અને અધિ. વિભાગ | નાયબ સચિવ સા.ન્યા. અને અધિ. વિભાગ (ખાલી જગ્યા) |
| ડી.એચ. શાહ | ઉપસચિવ, સામાન્ય વહીવટ વિભાગ | નાયબ સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ (ખાલી જગ્યા) |
| આર.એમ. રાવલ | ઉપસચિવ(પશુપાલન), કૃષિ અને સહકાર વિભાગ | નાયબ સચિવ (બજેટ), શ્રમ અને રોજગાર વિભાગ(ખાલી જગ્યા) |
| એચ.એમ. ઠક્કર | ઉપસચિવ(ચૂંટણી) સામાન્ય વહીવટ વિભાગ | નાયબ સચિવ અને જોઈન્ટ સીઈઓ(સ્વીપ), સા.વ.વિ. ચૂંટણી પ્રભાગ |
| બી.આર. ઠક્કર | ઉપસચિવ(મહેકમ), કૃષિ અને સહકાર વિભાગ | નાયબ સચિવ (સંકલન), કૃષિ અને સહકાર વિભાગ) (ખાલી જગ્યા) |
| વી.એમ. શેઠવાલા | ઉપસચિવ (ધિરાણ), કૃષિ અને સહકાર વિભાગ | નાયબ સચિવ (સંકલન), પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગ) (ખાલી જગ્યા) |

# શ્રીમતી એસ.આર. શાહ કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, કડીનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૩

શ્રીમદ્ રાજચંદ્ર કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, બારડોલી દ્વારા 'ન્યુરો રિહેબિલીટેશન ઈન સ્ટ્રોક' વિષય પર કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં કડીની શ્રીમતી એસ.આર.શાહ (રંગવાલા) કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, કડીના પ્રોફેસર ડૉ. જાગૃતિ પટેલ દ્વારા રજુ કરવામાં આવેલ 'સ્ટ્રોકના દર્દીની સારવારની નવીન પદ્ધતિ' પરના સંશોધન પેપરને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. પ્રો.ડૉ. જાગૃતિ પટેલની આ સિદ્ધિ માટે તેઓને કોલેજ મેનેજમેન્ટ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



## મોડાસાની સરસ્વતી વિદ્યાલયમાં ઉમાશંકર જોશી જન્મજયંતીની ઉજવણી

મોડાસા, તા. ૨૩

મોડાસાની સરસ્વતી વિદ્યાલયમાં વિશ્વકવિની નામના પામેલ ઉમાશંકર જેઠાલાલ જોશીની જન્મજયંતીની ઉજવણી કરાઈ હતી. દિનેશભાઈ ગરોએ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સ્વ. ઉમાશંકર જોશીની જીવન ઝરમર અને સાહિત્યક રચનાઓ વિશે શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ વક્તવ્ય આપ્યુંહતું. ભિલોડા તાલુકાના બામણા ગામના વતની ઉમાશંકર કોલેજમાં વિદ્યાર્થી હતા ત્યારે તેમના પોતાના પુસ્તકો ભણતા, સાહિત્યના લગભગ તમામ સ્વરૂપોમાં જેમનુંપ્રદાન છે એવા ઉમાશંકર વિશે જાણી વિદ્યાર્થીઓ ધન્ય બન્યા હતા. સમયસરના સુંદર આયોજન અને રજૂઆત બદલ પ્રમુખ મોહનભાઈ અને મંત્રી હંસરાજભાઈ, આચાર્ય ડૉ. જિજ્ઞેશભાઈ, વક્તા દિનેશભાઈ ગરો તથા સરસ્વતી પરિવારને અભિનંદન પાઠવેલ હતા.



**સલાલ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કરાયું**

પ્રાંતિજના સલાલ ખાતે આવેલ સલાલ પ્રાથમિક શાળા નંબર-૧ માં શાળાના વિશાળ કંપાઉન્ડ હોલમાં પ્રાંતિજ એચડીએફસી બેંકના સહિયોગથી શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સલાલ સરપંચ મહેન્દ્રભાઈ સોલંકી, એચડીએફસી બેંકના અધિકારી રાકેશભાઈ પરમાર, તેજસભાઈ વ્યાસ, જગદીશભાઈ પટેલ, સંકેતભાઈ પટેલ તથા શાળાના આચાર્ય રીટાબેન પટેલ તથા શાળા પરિવાર દ્વારા ૨૫૦ જેટલા આયુર્વેદિક વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## વડોદરામાં ૪૭મો જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા. ૨૩

તા. ૧૨મી નવેમ્બરના દિવસે વડોદરામાં શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના સંયુક્ત ઉપક્રમે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. સંમેલનમાં ભાગ લેવા માટેના ઉમેદવારી પત્ર ગાંધીનગરમાં કાંતીલાલ બી. વ્યાસ પ્લોટ નં. ૩૫૨/એ/૨, સેક્ટર-૧૨-સી ગાંધીનગર, જ્યારે મોટેરા સાબરમતી ખાતે નિખિલભાઈ જાની માધવ ઈલેક્ટ્રીકલ સ્ટોર સંગાથ-૨ની બાજુમાં મળશે. ઈશ્વરભાઈ દવે ૯, કમલકુંજ સોસાયટી અર્પણ કોમ્પલેક્ષ પાસે નિઝામપુરા વડોદરાથી પણ ઉમેદવારી પત્ર મળી શકશે.

# અપોલો હોસ્પિટલે જે.સી.આઈ. એક્રેડીટેશન પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું

અમદાવાદ, તા. ૨૩

એપોલો હોસ્પિટલ્સે પોતે યુએસના જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ જે.સી.આઈ. તરફથી ક્વોલિટી સ્ટાન્ડર્ડ માટે પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર પ્રથમ મલ્ટી સ્પેશિયાલિટી કેર હોસ્પિટલ બની હોવાનો દાવો કર્યો છે.

જેસીઆઈએ જોઈન્ટ કમિશન ઓન એક્રેડીટેશન ઓફ હેલ્થકેર ઓર્ગેનાઈઝેશન્સનો આંતરરાષ્ટ્રીય વિભાગ છે જે હોસ્પિટલ્સના ગુણવત્તા માપદંડોનું મૂલ્યાંકન કરે છે.

અપોલો હોસ્પિટલ્સના સીઈઓ ડૉ. રાજેશ કામરાને આ અંગે કહ્યું હતું, 'અમને એ જણાવતા ગૌરવ થાય છે કે અપોલો હોસ્પિટલ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ તેના આંતરરાષ્ટ્રીય રીતે માન્ય માપદંડોને સતત અનુસરીને જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલનું હોસ્પિટલ એક્રેડીટેશન માટેની અપ્રુવલનું ગોલ્ડ સીલ પ્રાપ્ત કર્યું છે. ગોલ્ડ સીલ ઓફ અપ્રુવલ એ ગુણવત્તાનું પ્રતીક છે જે દર્દીની સુરક્ષિત અને અસરકારક સારસંભાળ પુરી પાડવા માટેની સંસ્થાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ એક્રેડીટેશન હેલ્થકેર એક્સપર્ટસની ઈન્ટરનેશનલ સર્વેયર ટીમ દ્વાર અપોલો હોસ્પિટલ્સનું કડકપણે ઓનસાઈટ ઈવેલ્યુએશન કરવામાં આવ્યું હતુ. આ એક્રેડીટેશન પ્રોસેસ માટે હોસ્પિટલે ૧૩૦૦થી વધુ મેઝરેબલ સ્ટાન્ડર્ડ સાથે તાલમેળ રાખવો પડે છે.

અપોલો હોસ્પિટલ્સ ક્વોલિટી ઈન-ચાર્જ ડૉ. મહેશ પટેલે કહ્યું હતું, 'અપોલો હોસ્પિટલ્સ ઈન્ટરનેશનલ લિમિટેડનો જૂન ૨૦૧૬માં આકરો ઓનસાઈટ સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે દરમિયાન જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ એક્સપર્ટ સર્વેયર્સની ટીમ વિવિધ ક્ષેત્રોમાં જેમકે ઈન્ટરનેશનલ પેશન્ટ સેફ્ટી ગોલ્સ, પેશન્ટ એસેસમેન્ટ અને સારસંભાળ, એનેસ્થેશિયા અને સર્જિકલ કેર, મેડીકેશન મેનેજમેન્ટ, પેશન્ટ અને ફેમિલી એજ્યુકેશન, ક્વોલિટી ઈમ્પ્રુવમેન્ટ, ઈન્ફેક્શન પ્રિવેન્શન અને કંટ્રોલ, ગવર્નન્સ અને લીડરસીપ, ફેસિલીટી મેનેજમેન્ટ, સ્ટાફ ક્વોલિફિકેશન અને એજ્યુકેશન અને ઈન્ફોર્મેશનલ મેનેજમેન્ટ સાથે સંકળાયેલા માપદંડોના સુમેળનું મુલ્યાંકન કર્યું હતું. અપોલો સીબીસીસી કેન્સર કેરના ડિરેક્ટર બી. રમેશે જણાવ્યું કે જે.સી.આઈ. નિયમોનું પાલન એટલે દર્દી તથા કર્મચારીની ઉત્કૃષ્ટ સલામતી, હોસ્પિટલનું એકજ લક્ષ્ય દર્દીની ઉત્કૃષ્ટ સારવાર તથા સલામતી એ જ પ્રાથમિકતા.

## ખેડબ્રહ્મા કોલેજમાં થેલેસેમિયા વિશે વ્યાખ્યાન યોજાયુ

ખેડબ્રહ્મા, તા. ૨૩

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મા ખાતે થેલેસેમિયા વિશે વ્યાખ્યાન યોજાયું. આ અવરનેસ પ્રોગ્રામમાં મેડીકલ ઓફિસર ડૉ. જિતેન્દ્ર જાદવ વક્તા તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના પ્રિ. એન.ડી. પટેલે મહેમાનોને આવકાર્યા હતા. ડૉ. જિતેન્દ્ર જાદવે થેલેસેમિયા રોગ વિશે વિગતે પ્રકાશ પાડ્યો હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહી આ રોગ વિશે જાગૃત બન્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ. એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. મંજુલાબેન ખેર અને પ્રા. ડૉ. હેંમત સુથાર તેમજ એનસીસી વિભાગના ઓફિસર પ્રા. ડૉ. એમ. બી. પરમાર અને પ્રા. ડૉ. દિલીપ સોંદરવા દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું હતું.

## પાલનપુર રોટરી, રોટરેક્ટ અને ઈનરવહીલનો પદગ્રહણ સમારોહ યોજાયો

ધાનેરા, તા. ૨૨

જેમાં રોટરી ક્લબના પ્રમુખ યશવંત જોશી, સેક્રેટરી અર્પણા ત્રીપાઠી, રોટરેક્ટ ક્લબના પ્રમુખ નિખીલ જોશી, સેક્રેટરી તરીકે વિશાલ ગોહીલ અને ઈનરવહીલના પ્રમુખ તરીકે રક્ષા પટેલ, સેક્રેટરી તરીકે મીનુ મહેશ્વરીને રોટરી ઈન્ટરનેશનલના ઈલેક્ટ ગવર્નર મૌલીન પટેલે શપથગ્રહણ કરાવ્યા હતા.

# ભિલોડાનાં ટોરડા સ્વામી મંદિરમાં અષાઢી તોલાઈ

## પાછોતરા વરસાદના એંધાણ વર્તાયા : જગતનો તાત ખુશખુશાલ

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા ગોપાળાનંદ સ્વામીની જન્મભુમીમાં સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી



તોલાઈ જેમાં પાછોતરા વરસાદના એંધાણ વર્તાતાં ખેડુતો ખુશખુશાલ બન્યા છે. આ વર્ષે વરસાદ ખેંચાતાં છેલ્લા કેટલાક સમયથી ખેડુતો, વેપારીઓ વર્ષોની પરંપરા અનુસાર ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં તોલાતી અષાઢી સાંભળવા તર્ત્પર હતા. અષાઢ વદ એકમના દિવસે સ્વામીનારાયણ ભગવાનના વાઘામાં જુદા-જુદા ધાન્ય(અનાજ)ની પોટલીઓ બનાવી સોનીના કાંટે તોલી પાંચ પંચોની રૂબરૂ બાંધી ભગવાનની પાસે મુંકવામાં આવે છે. ટોરડા સવામીનારાયણ મંદીરમાં તોલાયેલા અષાઢીના વર્તારા મુજબ પાછોતરા વરસાદ દરમ્યાન નદી, જળાશયો, નાળા, ચેકડેમ, તળાવો છલકાશે તેવા એંધાણ વર્તાયા છે.

ટોરડા સ્વામીનારાયણ મંદીર સદ્‌ગુરૂ મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, મોહન ભગત, જે.પી.સ્વામીપ્રસાદ, જીજ્ઞેશ ભગત, ગ્રામજનો હાજર રહ્યા હતા. ટોરડા ગામના સામાજીક કાર્યકર અરૂણભાઈ રાવલના જણાવ્યા મુજબ ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી વર્ષોની પરંપરા મુજબ તોલાય છે. અષાઢીનો વર્તારો સાચો પડે છે.ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી તોલાઈ તે દરમ્યાન પંચોમાં (૧) રાવલ અરૂણભાઈ (૨) પટેલ નારણભાઈ (૩) સોની કિર્તીકુમાર (૪) ભાટી વિજયસિંહ (૫) નાયી પ્રવિણભાઈ સહિત સેવાભાવી ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. બીજા દિવસે અષાઢી બીજના દિવસે પંચોની રૂબરૂ પુનઃ સોનીના કાંટે તોલવામાં આવે છે. ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં અષાઢીનો વર્તારો અને વધઘટ નીચે મુજબ છે. (૧) ચણા-૨૫ વધારે (૨) અળદ-૧૨ વધારે (૩) ઘઉં-૭ વધારે (૪) કપાસ-૨૪ વધારે (૫) રસકસ-૧૩ વધારે (૬) બાજરી-૨૮ વધારે (૭) મગ-૨૧ વધારે (૮) ડાંગર-૨૩ વધારે (૯) લાલ માટી-૯ વધારે (૧૦) કાળી માટી- (૯) ઓછી (૧૧) મકાઈ-૧૯ વધારે છે. આ મુજબ વર્તારો જોતા આ વર્ષે ચોમાસુ ખેતી મધ્યમ પણ શિયાળુ, ઉનાળુ ખેતીના પાકોનું ઉત્પાદન મબલક થવાના એંધાણ.

ટોરડા ગોપાળાનંદ સ્વામીના અનેક પરચા ટોરડા ગામમાં થયેલ છે. શામળાજીથી કાળીયા ઠાકોર શામળીયા ભગવાન ગોપાળાનંદ સ્વામી સાથે ટોરડા ગામે રમવા આવતા હતા ત્યારે શામળીયા ભગવાનનું ઝાંઝર ત્યાં રહી ગયું હતું.

## સોમવારથી શિક્ષકોની... ● છેલ્લા પાનાનું અનુ.

આ તાલિમ વર્ગો ચાલશે. આ તાલિમ માટે દરેક તાલુકામાં ચાર-ચાર તાલિમ વર્ગો અને એક વર્ગખંડમાં ૫૦ શિક્ષકોને તાલિમ આપવામાં આવનાર છે. આ તાલિમ માટે ડાયટના નિષ્ણાતો ઉપરાંત વિષય નિષ્ણાંતોને બોલાવવામાં આવ્યા છે. તંત્ર દ્વારા આ અંગેનું આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે.

જિલ્લામાં ગુણોત્સવ-૬ના પરિણામોમાં સુધારો જરૂર થયો છે પરંતુ વાંચન-લેખન અને ગણનમાં જે દેખાવ રહ્યો છે તેને વધુ અસરકારક બનાવવા માટે આ તાલિમનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ગુણવત્તાસભર શિક્ષણ પર હવે વધુ ભાર મુકવામાં આવશે. ખાસ કરીને ગણનમાં બાળકો વધુ નબળા જણાયા છે. બાળકોને ભાર વગરનું ભણતર લાગે તેમજ તેમનામાં વિષયરૂચી વધે તે પર આ તાલિમમાં ભાર મુકવામાં આવનાર છે.

## જિલ્લાનાં ગામોમાં... ● છેલ્લા પાનાનું ચાલુ

તમામ ઘરોમાં આ સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ જશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ સર્વેલન્સમાં ૨ હજારથી વધુ વ્યક્તીઓ વિકલાંગતા ધરાવતા હોવાનું તારણ પણ બહાર આવ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧,૬૮,૭૯૧ લોકોને સર્વેલન્સ હેઠળ આવરીલેવામાં આવ્યા છે. ડાયાબીટીસના મળી આવેલા દર્દીઓ તેમજ નબળી આંખના દર્દીઓ જે મળી આવ્યા છે તેને લઈ હવે આગામી દિવોસમાં ગ્રામ્ય વિસ્તારમાં આ બે રોગ માટેના કેમ્પોનું આયોજન કરવામાં આવશે તેવા સંકેતો પણ તંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

# સરદાર બ્રાન્ડ ખાતરોની કિંમતમાં ઘટાડો

ગાંધીનગર, તા. ૨૩

જીએસએફસી ગત ૫૦ કરતાં વધુ વર્ષોથી 'સરદાર' બ્રાન્ડ ખાતરોનું ઉત્પાદન કરી ભારતભરમાં ખેડૂતોને પુરૂ પાડે છે. કંપનીના મોટાભાગના શેરધારકો ખેડૂતો છે અને જીએસએફસી હંમેશા તેમની સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છે.

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જીએસએફસી)એ 'સરદાર' બ્રાન્ડ હેઠળ વેચાતા ફોસ્ફેટિક ખાતરોની મહત્તમ છૂટક વેચાણ કિંમતમાં ભારે ઘટાડો જાહેર કર્યો છે. જીએસએફસી દ્વારા ડીએપીમાં રૂ. ૧૧૭ પ્રતિ બેગ સુધી, એપીએસમાં રૂ. ૩૨ પ્રતિ બેગ સુધી તથા એનપીકે (૧૨:૩૨:૧૬ ગ્રેડ અને ૧૦:૨૬:૨૬ ગ્રેડ)માં રૂ. ૫૩ પ્રતિ બેગ સુધીનો ઘટાડો તા. ૧૬ જુલાઈ, ૨૦૧૬થી અમલી બનાવાયો છે.

કંપનીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે દેશના વિવિધ રાજ્યોમાં પણ આ ખાતરોની મહત્તમ વેચાણ કિંમતમાં ઘટાડો કરાયો છે. રાજ્યોમાં પ્રવર્તતા કરવેરા કાયદા મુજબ થોડા ઘણા અંશે તેમાં ફેરફારની શક્યતા છે. સતત ગત બે વર્ષની દુષ્કાળભરી પરિસ્થિતિને કારણે દેશભરના ખેડૂતોનો આર્થિક બોજો ઘટાડવાના પ્રયાસરૂપે કંપનીએ ભાવો ઘટાડ્યા છે. ચોમાસુ સારૂ અને ઉજ્જવળ નીવડવાની સંભાવના સાથે ખરીફ વાવણીની ઋતુમાં ભાવ સુધારણા ખેડૂતોના ઉત્સાહમાં ઉમેરો કરશે.

ટચૂકડી જાહેર ખબર

**મકાન વેચવાનું છે**

સેક્ટર-૪/ડી ૧૩૫ ચો.મી.ના પ્લોટમાં ૨૦૦ ચો.મી.નું બાંધકામ ટાઈટલ ક્લીયર

દલાલ આવકાર્ય

મો. ૯૪૨૬૫૬૩૬૦૦

ફોન : ૦૭૯ ૨૩૨૨૧૩૫૦